## બેંક, ફાઈનાન્સ કંપનીની ઓફિસ અને આંગડિયા પેઢી પાસે પોલીસનું સતત પેટ્રોલિંગ રહેશે

# શહેરમાં દિવાળી દરમિયાન ક્રાઈમ કંટ્રોલમાં રાખવા થ્રી લેયરનો પોલીસ બંદોબસ્ત રખાશે

### બજારો અને મૉલ મલ્ટિપ્લેકસ પાસે ફૂટ પેટ્રોલિંગ થશે : પોલીસ કમિશનર

। વડોદરા ।

દિપોત્સવી પર્વ દરમીયાન વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનરે ઘરફોડ ચોરી, બેંક તથા ફાયનાન્સ કંપની અને આંગડિયા પેઢી પાસે ચીલઝડપ અને વાહન ચોરીના બનાવોને બનતા અટકાવવા માટે ત્રણ લેયરના બંદોબસ્તની યોજના ઘડી છે. તા. ૧થી ૨૨મી નવેમ્બર સુધીમાં વિશેષ બંદોબસ્ત અમલમાં રહેશે. પોલીસ કમિશનર આર.બી. બ્રહ્મભટ્ટે જણાવ્યુ છે કે, દિવાળી પર્વે બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળતી હોય છે. બેંક - ફાયનાન્સ કંપની તથા આંગડિયા પેઢીની ઓફીસોમાં સામાન્ય સંજોગો કરતાં ટ્રાન્જેકશન વધુ રહેતું હોય છે. આવા સમયે ગઠીયાઓ ગુનો આચરવાની તક શોધતા હોય છે. લોકોના જાન માલની સુરક્ષા માટે ત્રણ લેયરના બંદોબસ્તની યોજના ઘડવામાં આવી છે. જેમાં ખાસ કરીને ડી.સી.બી., એસ.ઓ.જી. તથા પી.સી.બી.ની ટીમને ચાર દરવાજા સહીતના અન્ય વિસ્તારોમાં આવેલી આંગડિયા પેઢીની કચેરીઓ અને જવેલર્સની દુકાનોની અવર જવર ઉપર ચાંપતી નજર રાખવામાં આવશે. ઉપરાંત ફૂટ પેટ્રોલિંગ પણ શરુ કરવામાં આવ્યુ છે. શહેરના મૉલ મલ્ટીપ્લેકસ પાસે રાઉન્ડ ધી કલૉક પેટ્રોલિંગ રહેશે.

**શહેરમાં ૫૫૦ જ્વેલર્સ, ૫૦ આંગડિયા અને ગોલ્ડ ઉપર ફાઇનાન્સ કરતી ૨૦ ઓફિસ છે ।** ડી.સી.પી. ક્રાઈમ જયદિપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે, વડોદરા શહેરમાં લગભગ ૫૫૦ જેટલી જ્વેલર્સની નાની મોટી દુકાનો આવેલી છે. ૫૦ જેટલી આંગડિયાની ઓફીસ આવેલી છે. આ ઉપરાંત ગોલ્ડ ઉપર ફાયનાન્સ કરતી સરેરાશ ૨૦ ફાયનાન્સ કંપનીઓ આવેલી છે. આ સિવાય પણ શહેરના ભીડભાડવાળા વિસ્તારોમાં પોલીસની ચાંપતી નજર રહેશે. દરેક પોલીસ સ્ટેશનના પી.આઈ.ને તેમના વિસ્તારની સોની, ફાયનાન્સ અને બેંકો પાસે સ્પેશીયલ પોઈન્ટ રાખવા સૂચના અપાઈ છે. જેના કારણે શહેરમાં ચોરીના બનાવ પર અંકુશ લાવી શકાશે.

Celebrate Diwali @
Book Now
Khanvel
RESORT
SILVASSA
079-48964488, 09377065994, 09824056861
sales@khanvelresort.com
www.khanvelresort.com

## લોકોની આર્થિક પરિસ્થિતિ સુધરી નથી ત્યાં બિલોની બજવણી ટીકાને પાત્ર બની

# સામી દિવાળીએ શહેરમાં મિલકત વેરાના બિલોની બજવણી શરૂ કરાઈ

### ૪ લાખ કરદાતાઓને બિલો અપાશે

। વડોદરા ।

કોરોનાની મહામારી દરમિયાન કોર્પોરેશને આવક કરી લેવા રીબેટ યોજના અમલી બનાવીને વર્ષ ૨૦૨૦-૨૧નો એડવાન્સ મિલકત વેરો વસૂલ્યો હતો. જોકે, ઓન લાઈન વેરો નહીં ભરનાર ૪ લાખ જેટલા કરદાતાઓના ઘરે હવે કોર્પોરેશને વેરાના બિલો બજાવવાની શરૂઆત કરી દીધી છે. જોકે સામી દિવાળીએ વેરાના બિલો બજાવાતા આ કામગીરી ટીકાને પાત્ર બની છે.

ઉલ્લેખનીય છે કે, મ્યુનિ. કોર્પોરેશને વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં મિલકત વેરાની વસૂલાતનો રૂ.૪૧૮.૩૯ કરોડનો લક્ષ્યાંક મૂક્યો હતો. જોકે કોરોનાની મહામારીને કારણે લોક ડાઉન લાગુ કરાતા લોકોની આર્થિક હાલત કથળી હતી. જેની સીધી અસર કોર્પોરેશનની આવક પર પડી હતી.

જેથી કોરોના કાળમાં પણ આવક કરી લેવા કોર્પોરેશને રીબેટ યોજના અમલી કરી હતી. જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ના વેરાના બિલો ન બજાવ્યા હોવા છતાં ગયા વર્ષના બિલોને ધ્યાને રાખીને એડવાન્સ વેરો ભરનારને રીબેટ આપવાનુ નક્કી કરાયુ હતુ. જેના કારણે ૨.૫૬ લાખ કરદાતાઓએ ઓન લાઈન વેરા ભરતા કોર્પોરેશનને રૂ. ૧૯૪.૮૪ કરોડની આવક થઈ હતી.

અત્યાર સુધીમાં કોર્પોરેશનને વેરા પેટે રૂ.૨૨૫.૮૦ કરોડની આવક થઈ છે. રહેણાંક પ્રોપર્ટીના અંદાજે ૫.૫૦ લાખ અને કોમર્સિયલ તેમજ ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટીના ૧.૫૦ લાખ બિલો આપવામાં આવે છે. કોર્પોરેશનને રૂ.૪૯૨ કરોડ પૈકી રૂ. ૨૨૬ કરોડની આવક થઈ ચૂકી છે. ચાલુ નાણાકિય વર્ષને પુર્ણ થવામાં હજૂ ૫ મહિના બાકી છે.

જેથી તેને ધ્યાને રાખીને ટાર્ગેટ પૂર્ણ કરવા કવાયત કરાઈ રહી છે. કોર્પોરેશનને મિલકત વેરા પેટે રૂ.૧૯૪.૮૫ કરોડ, વ્યવસાય વેરા પેટે રૂ. ૨૪.૬૦ કરોડ અને વ્હિકલ ટેક્સ પેટે રૂ.૬.૩૫ કરોડની આવક થઈ છે. હવે જે ૪ લાખ કરદાતાઓએ વેરો ભર્યો નથી તેમને બિલોની બજવણી શરૂ કરાઈ છે. જોકે કોરોનાકાળમાં લોકોની આર્થિક પરિસ્થિતિ હજૂ સુધરી નથી ત્યાં સામી દિવાળીએ વેરાના બિલો બજાવાતા લોકોમાં નિરાશા ફેલાઈ છે.

કોરોનાને કારણે દેશ અને દુનિયાને આર્થિક નુકસાન થયું છે ત્યારે આ વર્ષે કોર્પોરેશન દ્વારા વેરા બિલોની ફાળવણી ઝડપથી કરવામાં આવી રહી છે. જેના કારણે આર્થિક ભારણ ઓછુ થશે તેવી વકી છે.

ONE CENTRE
GRAND Opening TODAY
કાન્હા એમ્પાયર, ઓ.પી. રોડ, તાંદલજા જંકશન, વડોદરા
મેન્સ વેર । વુમન્સ વેર । કિડ્સ વેર
ફૂટ વેર । એસેસરીઝ




5000* વેરાયટીઓ
ફક્ત ₹ 159* માં
*T&C Apply
અમદાવાદ । આણંદ । વડોદરા । કામરેજ । સુરત । રાજકોટ । ભાવનગર । તળાજા । બોટાદ
ભુજ । ગાંધીધામ । અંજાર । રાપર । વિસનગર । મહેસાણા । ઊંઝા । પાલનપુર । સિદ્ધપુર
દરરોજ સવારે 10 થી રાત્રે 10
ફ્રેન્ચાઈઝી ની માહિતી માટે સંપર્ક કરો : 95120 45976

આ નવરાત્રીએ ઘરનું ઘર વસાવો.
KVB લોન બોનાન્ઝા સાથે તહેવારોમાં આનંદ ઉમેરો અને તમારા સ્વપ્નાના ઘરને વાસ્તવિકતામાં બદલો.
ઓફર સમય દરમિયાન ઝીરો પ્રોસેસિંગ ફી
હોમ લોન આકર્ષક વ્યાજદર પર
પ્રાથમીક લોન મંજુરી 15 મીનીટમાં
સંપુર્ણ ડીઝીટલ લોન પ્રક્રિયા
ઓફર સમય મર્યાદ 19 નવેમ્બર સુધી
રાજકોટ – 99099 44313
વડોદરા – 99250 08804
અમદાવાદ, સુરત તથા અન્ય સ્થળ માટે – 9512 607 607.
KVB Karur Vysya Bank
www.kvb.co.in
Helpline: 1860 258 1916

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
મુખ્ય કાર્યાલયઃ બરોડા હાઉસ, પીબી નં.506, માંડવી, બરોડા - 390006
કોર્પોરેટ કાર્યાલયઃ સી-26, જી-બ્લોક, બાંદરા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદરા (પૂર્વ), મુંબઈ - 400 051
નાણાંકીય પરિણામ Q2 - FY: 2020-21
ઉપલબ્ધ સેવાઓ: હોમ લોન | કાર લોન | BARODA etrade | Baroda Wealth | BARODA M-CONNECT plus મોબાઈલ બેન્કિંગ એપ | BARODA CONNECT ઈંટરનેટ બેન્કિંગ

### 30 સપ્ટેમ્બર, 2020ના રોજ પૂરા થયેલ ત્રિમાસિક/અર્ધ વાર્ષિક સ્ટેન્ડઅલોન નાણાંકીય પરિણામો

(₹ લાખમાં)

| ક્ર. નં. | વિગતો | પૂરા થયેલ ત્રણ માસ 30.09.2020 સમીક્ષા કરેલ | પૂરા થયેલ અર્ધ વાર્ષિક 30.09.2020 સમીક્ષા કરેલ | પૂરા થયેલ ત્રણ માસ 30.09.2019 સમીક્ષા કરેલ |
|---|---|---|---|---|
| 1. | કામગીરીમાંથી કુલ આવક | 20719,85 | 41032,29 | 22097,91 |
| 2. | ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પહેલાંનો) | 2550,23 | 1242,47 | 1126,76 |
| 3. | કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | 2550,23 | 1242,47 | 1126,76 |
| 4. | કરવેરા પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | 1678,60 | 814,34 | 736,68 |
| 5. | કુલ વ્યાપક આવક આ સમયગાળા માટે [જેમાં સામેલ છે આ સમયગાળા માટે નફો/(નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી)] | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 |
| 6. | ઈક્વિટી શેર મૂડી | 925,37 | 925,37 | 770,61 |
| 7. | રિઝર્વ્સ (રિવેલ્યૂએશન રિઝર્વને બાદ કરતાં), પાછલા વર્ષની તપાસાયેલ બેલેન્સ શીટમાં દર્શાવેલ અનુસાર | - | - | - |
| 8. | શેર દીઠ આવક (પ્રત્યેક ₹2) (ચાલુ અને બંધ થયેલ પરિચાલન માટે) – બેઝિક (₹માં) ડાયલ્યુટેડ (₹માં) | 3.63 | 1.76 | 2.01 |

### 30 સપ્ટેમ્બર, 2020ના રોજ પૂરા થયેલ અર્ધ ત્રિમાસિક/અર્ધ વાર્ષિક કોન્સોલિડેટેડ નાણાંકીય પરિણામો

(₹ લાખમાં)

| ક્ર. નં. | વિગતો | પૂરા થયેલ ત્રણ માસ 30.09.2020 સમીક્ષા કરેલ | પૂરા થયેલ અર્ધ વાર્ષિક 30.09.2020 સમીક્ષા કરેલ | પૂરા થયેલ ત્રણ માસ 30.09.2019 સમીક્ષા કરેલ |
|---|---|---|---|---|
| 1. | કામગીરીમાંથી કુલ આવક | 21853,79 | 43538,50 | 23304,57 |
| 2. | ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પહેલાંનો) | 2733,58 | 1688,72 | 1300,30 |
| 3. | કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | 2733,58 | 1688,72 | 1300,30 |
| 4. | કરવેરા પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો) | 1794,30 | 1144,03 | 853,82 |
| 5. | કુલ વ્યાપક આવક આ સમયગાળા માટે [જેમાં સામેલ છે આ સમયગાળા માટે નફો/(નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી)] | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 | સંદર્ભ : નોંધ 2 |
| 6. | ઈક્વિટી શેર મૂડી | 925,37 | 925,37 | 770,61 |
| 7. | રિઝર્વ્સ (રિવેલ્યૂએશન રિઝર્વને બાદ કરતાં), પાછલા વર્ષની તપાસાયેલ બેલેન્સ શીટમાં દર્શાવેલ અનુસાર | - | - | - |
| 8. | શેર દીઠ આવક (પ્રત્યેક ₹2) (ચાલુ અને બંધ થયેલ પરિચાલન માટે) – બેઝિક (₹માં) ડાયલ્યુટેડ (₹માં) | 3.83 | 2.36 | 2.33 |

નોંધઃ

1) ઉપરોક્ત, સેબી (લિસ્ટીંગ ઑબ્લિગેશન્સ ઍન્ડ ડિસ્ક્લૉઝર રિક્વાયરમેન્ટ્સ) વિનિયમન, 2015 ના વિનિયમન 33 હેઠળ સ્ટૉક એક્સ્ચેંજમાં દાખલ કરેલા ત્રિમાસિક નાણાંકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો સંક્ષિપ્ત ભાગ છે. વિગતવાર ત્રિમાસિક/અર્ધ વાર્ષિક નાણાંકીય પરિણામો સ્ટૉક એક્સચેંજની વેબસાઈટ **www.bseindia.com**, **www.nseindia.com** અને બેંકની વેબસાઈટ **www.bankofbaroda.in** પર ઉપલબ્ધ છે.

2) કુલ વ્યાપક આવક અને અન્ય વ્યાપક આવકને લગતી જાણકારી આપવામાં આવી નથી કારણ કે હજી સુધી આઈએનડી એએસ બેંકને લાગુ કરાવવામાં આવેલ નથી.

સ્થળ : મુંબઈ
તારીખ : 29.10.2020

| | | | |
|---|---|---|---|
| વિક્રમાદિત્ય સિંહ ખીચી | શાંતિ લાલ જૈન | મુરલી રામસ્વામી | સંજીવ ચઢ્ઢા |
| એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર | મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ |